October 2017

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 11 ● Issue 12 / 129
● Mumbai ● Page 12 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

આ અંક પ્રકાશિત થશે ત્યારે સમાજના સૌ દિવાળીની ઉજવણી કરી આનંદ માણતા હશે.

વર્ષોથી લોકો દીવા પ્રગટાવી, પૂજા-પૂજન કરી, મીઠાઈ ખાઈ તેમજ ફટાકડા ફોડીને એમ અનેક રીતે આ પર્વની ઉજવણી કરતા રહ્યા છે. **જૈન ધર્મમાં અહિંસાને ધર્મનો પ્રાણ કહ્યો છે, જીનાગમોમાં અહિંસાનું વિગતપૂર્ણ વર્ણન છે.** તેથીજ જૈન મહાત્માઓ ફટાકડા ફોડવાથી થતી જીવ હિંસાને અનુલક્ષી ફટાકડા ન ફોડવા માટે વર્ષોથી ઉપદેશ આપતા રહ્યા છે, જેનું અનુસરણ ઘણા જૈનો કોઈપણ પ્રસંગે ફટાકડા ન ફોડીને કરી રહ્યા છે. બદલાયેલા સંજોગોમાં **ફટાકડા ફોડવાથી થતું પ્રદૂષણ શ્વાસ લેતા જીવો માટે હાની કારક હોવાથી માનનીય સુપ્રિમ કોર્ટે રહેણાક તથા કેટલાક અન્ય સ્થળોએ ફટાકડા ફોડવા તેમજ વેચવા પર કાનૂની પ્રતિબંધ લગાવવાનો સરાહનીય નિર્ણય કર્યો છે.** આ બાબતને રાજકીય લાભ માટે કોમવાદી સ્વરૂપ ના આપતા સમસ્ત જીવોના સ્વાસ્થ્ય માટે આ કાનૂનને સૌએ આવકારવો જોઈએ.

સમાજના સૌના જીવનમાં દિવાળીપર્વમાં આપણી સંસ્થાના માધ્યમ દ્વારા પ્રકાશ, પ્રેરણા અને પ્રેમ પ્રસરાવી શકીએ ત્યારેજ આ પર્વની ઉજવણી સાર્થક કરી કહેવાય. આજે સમાજનો મધ્યમવર્ગ ઘણા કપરા સંજોગોનો સામનો કરી રહ્યો છે, ત્યારે સંસ્થા દ્વારા મેડીકલ, શૈક્ષણિક તેમજ ભાડા રાહત અને સિનિયર સીટીઝન સહાયના નેજા હેઠળ અનુદાન આપી સંસ્થા આપણા સાધર્મિક

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩)

### નૂતનવર્ષાભિનંદન

- ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર પ્રભુએ સાડાબાર વર્ષની અખંડ આરાધના કરી પછી કેવલ્યની પ્રાપ્તિ કરી.
- ૩૦ વર્ષ સુધી વસુંધરા પર વિહાર કરી માનવજાતને ધન્ય કરી અને દિવાળીના દિવસે પ્રભુજીનો જીવનદીપક બુઝાયો.
- લોકોએ બાહ્ય અંધકાર દૂર કરવા ઘર ઘરમાં દિવડા પ્રગટાવ્યા.
- નૂતન વર્ષની મંગલ પ્રભાતે અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી કેવલજ્ઞાન પામ્યા.
- શ્રી ગૌતમસ્વામીની લબ્ધિ સાથે વિનય મળજો. શ્રી અભયકુમારની બુદ્ધિ સાથે વિવેક મળજો.
- કયવન્ના શેઠનું સૌભાગ્ય, સુલસા જેવું સમ્યકત્વ, વજ્રસ્વામી જેવું જ્ઞાન અને જગદ્‌ગુરુ હીરસૂરીશ્વરજી મ.સા. આદિ મહાપુરુષો જેવું ચારિત્ર ભવોભવ મળો.
- પુણિયા શ્રાવકનો સંતોષ સૌને મળો. અહંમના ભુક્કા ઉડાવનાર બાહુબલીનું બળ-બુદ્ધિ અને સંકલ્પ આપ સૌને મળો.
- કારતક માસથી આરંભ થતાં નૂતનવર્ષમાં આપ સૌનું જીવન કલ્યાણકારી બને એજ શ્રી પાટણ જૈન મંડળની શુભ ભાવના.

## From President's Desk...

When this edition of Pratibimb will be published we, all will have already celebrated the festival of lights Diwali with great enthusiasm of and aplomb.

Since years we have always celebrated Diwali by lighting lamps performing our different pujan, distributing sweets and of course bursting crackers. Our Jain Dharma is a religion of non-violence. Nonviolence to each and every atma. Our agmas give us detailed knowledge of nonviolence. Therefore, our mahatmas are against the bursting of crackers. Besides bursting crackers also results in increasing pollution in the environment Noise pollution and sound pollution. The supreme Court has now worked off certain areas where in it is not only prohibited to burst crackers but to sell as well. We support this decision of the supreme court and plead to all members of our Samaj to co-operate.

We can successfully celebrate Diwali when we can spread love light and inspiration of to all the those who are going through difficult times in our Samaj. Our sanstha is helping by providing medical as well as financial help to all those who are in need of it by waving off rent and introducing

(Cont'd on Pg 3)

# PATAN PREMIER LEAGUE CRICKET TOURNAMENT

## Commitee Members





Sponsors & Office Bearers

## AUCTION TEAM

### Team Owners & Icon Players







The Somira Patan Premier Leage Cricket Tournament is Scheduled to be played in the mid of Jan, 2018 to Feb. The auction for the icon players amongst the six teams was successfully held on the 6th Sept. at Shree Patan Jain Mandal Sabhagruh. The details and Photographs of this event have been posted on Facebook account link. https://googl/K2TBi8.

The main Auction for all the other 150 players will be held on 19-11-2017 Sunday at 4.00 pm. Owners and participants (players) are all invited to be present for this event. Nets have been orgnised on 28th and 29th Oct. 2017 at Willlson Gymkhana, and on 4th & 5th Nov. Goregaon Sports Club at Morning 7 am to 9 am for the Co-ordination between the Owners and the Players before the Auction.

❑ **Sports Committee**

### Team Owners & Icon Players







## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

બંધુઓનું જીવન સુગમ કરવા પ્રયત્નશીલ છે.

**અનુયોગાચાર્ય શ્રી લબ્ધિચંદ્ર સાગર મ.સા.ની નિશ્રામાં મરીનડ્રાઈવ ખાતે પ્રથમવાર ઐતિહાસિક અંજન શલાકા મહોત્સવનું આયોજન નવા વર્ષમાં કારતક મહિનામાં કરવામાં આવી રહ્યું છે,** હાલ મરીન ડ્રાઈવ ખાતેના દેરાસરમાં બીરાજમાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની આબેહૂબ પ્રતિકૃતિ બનાવવામાં આવી રહી છે.

મને જણાવતાં આનંદ થાય છે કે, **શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત આર્ટસ, સાયન્સ અને કોમર્સ કૉલેજના નવા બિલ્ડીંગનું ઉદ્‌ઘાટન આપણે તા. ૨૪-૧૨-૨૦૧૭ના દિને પાટણ ખાતે કરી રહ્યા છીએ.** પાટણ ખાતેની આ કૉલેજ શ્રી પાટણ જૈન મંડળના ઈતિહાસમાં સીમાચિન્હ સમી બની રહેશે. **દાતાઓ શ્રી હેમંતભાઈ સાલવી, એસ. કે. ગ્રુપ શ્રી ભરતભાઈ નેમચંદ, શ્રી પ્રદિપભાઈ રમણલાલ તથા શ્રી રવિભાઈ સેવંતીલાલ વિગેરેની અથાગ મહેનતથી કૉલેજની ઈમારતનો પ્રોજેક્ટ પૂરો થઈ રહ્યો છે,** તે બદલ અભિનંદન આપું છું. મંડળની પાટણ ખાતેની આ કૉલેજો શૈક્ષણિક ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત કરે તેવી મારી અંતરની શુભેચ્છાઓ....

શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ)ના સંયુક્ત ઉપક્રમે દર વર્ષની માફક **''નૂતન વર્ષ સ્નેહ સંમેલન'', તા. ૨૯-૧૦-૨૦૧૭ને રવિવારે, ગરવારે ક્લબ હાઉસ (ચર્ચગેટ)** ખાતે આયોજીત કરેલ છે. બપોરે ૪ થી ૭ રાખેલ સ્નેહમિલનમાં મનોરંજન કાર્યક્રમ સાથે સ્વરૂચી ભોજન પણ છે તેથી સમાજના સૌને હું આ સ્નેહમિલનમાં પધારવા હાર્દિક આમંત્રણ પાઠવું છું.

**નૂતન વર્ષ આપના જીવનમાં શાંતિ અને સમૃદ્ધિ લાવે તેવી મારી હાર્દિક શુભેચ્છા.**

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

## FROM PRESIDENT'S 1DESK...(Cont. from Page 1)

better schemes for the senior citizens.

Under the auspicious presence of **Shri Labdhichandra M. S.** for the first time in the history of **Marine Drive Jain Aradhak Trust** is performing the **Anjanshalaka Mahotsav in the month of November exact same to same Murti of Shri Shankheshwar Parshwanath Bhagavan** currently at Marine Drive is being Conceptualized.

I am very happy to announce that we are going to inaugurate the **new Arts, Science and Commerce College building on 24-12-2017 at Patan.** It is going to be a pillar of pride in the history of Shree Patan Jain Mandal. Doners Shri Hemantbhai Salvi, Shri Bharatbhai & S.K. Group, Shri Pradeepbhai Ramanlal and Shri Ravibhai Seventilal etc. have worked very hard for the completion of this project. I am very Grateful to each one of them and wish for a lot of success to the institution.

Shree Patan Jain Mandal along with Shri Manilal Lalluchand Shah (Atul House) together invite all of you to the new year **Sneh Sammelan to be held on Sunday 29-10-2017 at Garware Club House (Churchgate) between 4pm to 7pm.** We promise you an entertaining evening along with dinner. We request everyone to be present in large numbers.

May this new year bring lots of good luck to you all. HAPPY NEW YEAR.

❑ **Dinesh Shantilal Shah**


સપ્ટેમ્બર માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

| | |
|---|---|
| બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન ટેમ્પલ ચેરી. ટ્રસ્ટ (વાલકેશ્વર) | રૂા. ૮,૦૦,૦૦૦ |
| ઈન્ડસ્ટ્રીયલ સોલવન્ટ (ગૌતમભાઈ બી. શાહ) | રૂા. ૫,૫૦,૦૦૦ |
| શ્રી નવજીવન જૈન શ્વે. મુ. સંઘ (નવજીવન સોસા.) | રૂા. ૧,૧૩,૦૦૦ |
| શ્રીમતી સ્નેહાબેન સંજયભાઈ શાહ | રૂા. ૧,૦૧,૦૦૦ |
| શ્રીમતી જયશ્રીબેન નરેશભાઈ એન. શાહ | રૂા. ૬૧,૦૦૦ |
| શ્રી પાટણ જૈન સમાજ (અમદાવાદ) | રૂા. ૫૧,૦૦૦ |
| પ.પુ. સાધ્વીજી ચંદ્રકલાસુરીજી મ.સા.ની અનુમેદનાર્થે હ. સુરેખાબેન જયંતીલાલ | રૂા. ૫૧,૦૦૦ |
| શ્રીમતી નીલાબેન બી. શાહ | રૂા. ૫૦,૦૦૦ |
| શ્રી જવાહરનગર જૈન સંઘ | રૂા. ૪૧,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | રૂા. ૩૧,૦૦૦ |
| શ્રીમતી વિરમતીબેન નવીનચંદ્ર શાહ | રૂા. ૨૫,૦૦૦ |
| શ્રી મહાવીરનગર શ્વે. મૂ.પૂ. જૈન સંઘ (કાંદિવલી) | રૂા. ૨૧,૦૦૦ |
| શ્રી સિમલાહાઉસ જૈન સંઘ | રૂા. ૨૦,૦૦૦ |
| શ્રી આદિનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટ | રૂા. ૧૫,૦૦૦ |
| શ્રી રાજેન્દ્રભાઈ ચીમનલાલ શાહ | રૂા. ૧૫,૦૦૦ |
| શ્રીમતી પ્રેમીલાબેન નટવરલાલ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રીમતી હીનાબેન ભાવેશભાઈ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી ચંદ્રકાંતભાઈ સી. શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રીમતી સવિતાબેન પનાલાલ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી રમેશભાઈ શાહ (બાલાશિનોર) | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રીમતી ભદ્રાબેન ઝવેરી | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રીમતી જ્યોતિબેન હર્ષદભાઈ સોનાવાલા | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રીમતી કોમલબેન નિખીલભાઈ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી સુનિલભાઈ બાગમલભાઈ ઝવેરી | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી અનિશભાઈ બિપીનભાઈ ઝવેરી | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ (બોરીવલી) | રૂા. ૧૦,૦૦૦ |
| શ્રી અર્થ સંપન્ન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ | રૂા. ૧૦,૦૦૦ |
| શ્રી મિતુલભાઈ શિરીષભાઈ શાહ (બોરીવલી) | રૂા. ૧૦,૦૦૦ |
| શ્રી નરેશભાઈ મણીલાલ ઝવેરી | રૂા. ૧૦,૦૦૦ |

નોંધ: ભુલ સુધાર - પ્રતિબિંબના સપ્ટેમ્બરના અંકમાં શ્રી મહેન્દ્રભાઈ (પટ્ટણી ઓપ્ટીશિયન્સ) રૂા. ૧૦,૦૦૦/- છપાયેલ છે તેમાં તેઓની સાથે **શ્રી બીપીનભાઈ તથા શ્રી ચંદ્રકાંતભાઈનું** નામ પણ વાંચવું.

ADVT

## તંત્રી સ્થાનેથી...

# મહાન પૂણ્યદિન કાર્તિક પૂર્ણિમા

જૈન શાસનમાં, જૈન ધર્મમાં કારતક સુદ ૧૫ - કાર્તિક પૂર્ણિમા અને શત્રુંજય સિદ્ધક્ષેત્ર એક બીજાની સાથે જોડાયેલા છે. પૂનમના દિવસે ભક્તિભાવપૂર્વક શત્રુંજય તીર્થની યાત્રા કરવાથી જનમ જનમના પાપ નષ્ટ થઈ જાય છે.

આ પવિત્ર ગિરિરાજ પરથી અનંત આત્માઓ સિદ્ધ-બુદ્ધ-મુક્ત બન્યા છે. એ સૌ આત્માઓને ગિરિરાજના ક્ષેત્રે મુક્તિ સાધનામાં પરોક્ષરૂપે મદદ કરી છે દરેક જીવાત્માઓ પર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનો પ્રતાપ પડે છે અને આ ચારેથી સંબંધ જોડાયેલો જ રહે છે. આપણને આ ચારે શ્રેષ્ઠ રૂપમાં મળ્યાં છે.

**ભગવાન ઋષભદેવની દિવ્ય મૂર્તિએ શ્રેષ્ઠ દ્રવ્ય છે. શ્રી શત્રુંજય ગિરિરાજ શ્રેષ્ઠ ક્ષેત્ર છે. કાર્તિકી પૂર્ણિમાનો દિવસ શ્રેષ્ઠ કાળ છે અને મુક્તિ પામવાની ભાવના શ્રેષ્ઠ ભાવના છે.** જે જે આત્માઓએ પોતાના આત્મત્વને જાણ્યો છે. આત્મતત્વના બંધનોને, તેની ગુરુ અવસ્થાને જાણી, બંધનો તોડવાનો તથા શુદ્ધ અવસ્થા પ્રગટ કરવાનો પુરુષાર્થ કર્યો છે, તે સૌએ શત્રુંજય પર મુક્તિ મેળવી છે, સિદ્ધ થયા છે તેથી જ શત્રુંજયને સિદ્ધક્ષેત્ર કહેવાય છે.

ભગવાન ઋષભદેવનાં પુત્ર દ્રવિડ જેનાં નામથી 'દ્રવિડ દેશ'નું નામ પડ્યું છે, તેમને બે પુત્રો હતા. દ્રાવિડ અને વારિખિલ્લ, સમય જતાં આ બન્ને પુત્રો શસ્ત્રકલા, શાસ્ત્રકલા જેવો અનેક વિદ્યાઓ મેળવી પારંગત બન્યા ત્યારે સુયોગ્ય રાજકન્યાઓ સાથે બન્નેના લગ્ન કરાવી દ્રવિડ રાજાએ દ્રવિડને મિથિલાનું મોટું રાજ્ય આપ્યું અને વારિખિલ્લને બીજાં એક લાખ ગામ આપ્યા, તે દ્રવિડે ભગવાન ઋષભદેવના ચરણોમાં ચારિત્રધર્મ અંગીકાર કરી લીધી. સંયમ ધર્મની ઉગ્ર આરાધના કરી, તમામ કર્મોનો ક્ષય કર્યો અને નિર્વાણ પ્રાપ્ત કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત બની ગયા.

**રાજા વારિખિલ્લની જેમ કીર્તિ વધે છે તેમ લક્ષ્મી પણ વધતી જાય છે આ જોઈને તેનો ભાઈ દ્રાવિડ ઈર્ષાથી બળી જાય છે, મનમાં ને મનમાં પોતાના ભાઈ પ્રત્યે દ્વેષ પેદા કરે છે અને નિંદા કરે છે.**

આ વાતની વારિખિલ્લને જાણ થાય છે. તેના હૃદયમાં દ્રવિડ પ્રત્યે ગુસ્સો પેદા થાય છે, પોતાના ભાઈને મજા ચખાડવા, ગુસ્સાના ભાવથી દ્રાવિડ દેશ જીતી લેવાની યોજના બનાવે, દ્રવિડ સાથે ભયાનક યુદ્ધ કરવાની તૈયારી કરે છે અને દસ કરોડ સૈનિકોની મોટી સેના તૈયાર કરે છે. બન્ને ભાઈઓના મન ભયાનક ક્રોધથી વિચારશૂન્ય, વિવેક શૂન્ય, બની જાય છે સાત મહિના સુધી યુદ્ધ ચાલે છે. ભીષણ સંહાર જોયા પછી પણ બન્ને ભાઈઓના વેરની આગ શાંત થતી નથી.

એક દિવસ દ્રવિડના મહામંત્રી વિમલબુદ્ધિએ દ્રવિડને કહ્યું : 'મહારાજા, અહીંથી થોડ દૂર' 'શ્રી વિલાસ' નામનું તપોવન છે, ત્યાં સુવલ્ગુ નામે એક મહાત્મા બિરાજમાન છે, જો તમારી ઈચ્છા હોય તો આપણે એમના દર્શન કરવા અને આશીર્વાદ મેળવવા જઈએ, દ્રવિડ રાજાએ સંમતિ આપતા, બન્ને જણાં પોતાના સેનાપતિઓ સાથે સુવલ્ગુ મહાત્મા પાસે પહોંચ્યા અને તેમનાં ચરણોમાં નતમસ્તકે વંદન કરી કુશળ પૃચ્છા કરી.

**ઋષિએ કરૂણા ભરી વાણીમાં આશીર્વાદ આપતાં કહ્યું, 'રાજન, ધર્મવૃક્ષનું બીજ છે દયા, જે માણસ ક્રોધમાં આવી હિંસા કરે છે તે મરીને નરકમાં જાય છે માટે તુ શાંત ચિત્તે વિચાર કર, યુદ્ધ બંધ કર અને ક્રોધને શાંત કર આ રાજ્ય તો અનેક અનોર્થાનો સંસાર છે.'**

આ ઉપદેશ સાંભળીને દ્રવિડની કલ્પનાસૃષ્ટિ બદલાઈ ગઈ. તેની આંખોમાંથી અશ્રુઓની ધાર વહેવા માંડી. મહાત્માનાં ખોળામાં મસ્તક મૂકી ગદ્‌ગદ્ સ્વરે ક્ષમાપના માંગી અને ગૃહને ત્યાગ કરી દીક્ષા આપી પોતાનો ઉદ્ધાર કરવા વિનંતી કરી.

દ્રવિડ ત્યાંથી સીધો વારિખિલ્લની છાવણીમાં દોડ્યો મહામંત્રી વિમલબુદ્ધિના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યા: 'ધન્ય ઋષભદેવ અને ધન્ય છે આપની વંશપરંપરાને - કેવું અદ્‌ભુત પરિવર્તન !' દ્રવિડ જ્યાં વારિખિલ્લની છાવણીમાં પત્ર દીધો. ત્યાં બધા સૈનિકો સ્તબ્ધ થઈ ગયી. આ સમયે વારિખિલ્લના હૃદયમાં ભાતૃપ્રેમનું ઝરણું ફૂટી નીકળ્યું એની આંખો આસુંથી ભરાઈ ગઈ.

**બન્ને ભાઈઓના સંચિત પુણ્ય કર્મનો ઉદય થયો. હૃદયના શુદ્ધ ભાવથી, પસ્તાવાના નીરથી એકબીજાના અપરાધોની ક્ષમા માંગી. અંતે બન્ને ભાઈઓએ પોતાના પુત્રોને રાજ્યની ધૂરા સોંપી અને સંયમ માર્ગે જવા સુવલ્ગુ ઋષિ પાસે પહોંચ્યા. એમની સાથે દસ કરોડ જનોએ તાપસી દીક્ષા લીધી કરોડો માણસોનો સંહાર કરી લોહીની નદીઓ વહાવનારાએ સુભટો, આજે કરૂણાની ગંગા વહાવનારા સાધુ બની ગયા.**

આ સાંભળીને દશ કરોડ તાપસોની સાથે દ્રાવિડ અને વારિખિલ્લ, એ બે મુનિવરો સાથે શત્રુંજય જવા રવાના થયા.

ગિરિરાજની ઉપર ચડીને એમણે ડોલરપુષ્પ અને કપૂર કરતાંયે ગૌર કાંતિવાળા શ્રી ઋષભદેવ ભગવંતના દર્શન કર્યા અને પ્રભુજીના અનંત ગુણોની સ્તવના કરી આમ દ્રવ્ય ક્ષેત્ર, કાલ અને ભાવથી ધર્મધ્યાનમાં નિમગ્ન થઈને એમણે શુકલ ધ્યાનમાં પ્રવેશ કર્યો ઘાતી કર્મોનો ક્ષય કર્યો અને અઘાતી કર્મોનો પણ ક્ષય કર્યો... અંત મુર્હૂત કાળમાં જ દશ કરોડ સાધુઓની સાથે દ્રાવિડ અને વારિખિલ્લ સિદ્ધગતિને પામ્યા. એ દિવસ હતો કારતિક પૂનમનો

**''એકેરૂં ડગલું ભરે, શત્રુંજય સમો જેહ,**
**ઋષભ કહે, ભવ કોડના, કર્મ ખપાવે તેહ.''**

❑ **સંપાદક સમિતિ**


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

Tel (91-2766) 232172 / 222182
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

### શ્રી પ્રવિણચંદ્ર કેશરીચંદ શાહ પરિવાર (ઢંઢેરવાડો) પબ્લિક હેલ્થકેર સેન્ટર તથા

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા માંદગી સમયે દરદીની માવજત માટે ઉપયોગમાં આવતા સાધનો જેવા કે, નેબુલાઈઝર, સક્શન પંપ, એર બેડ, હોસ્પિટલ બેડ, વ્હીલ ચેર, ઓક્સીજન સિલીન્ડર, ઓક્સીજન મશીન, ઓર્ડીનરી બેડ, વોકર, કોમોડ ચેર, સલાઈન સ્ટેન્ડ, બેકરેસ્ટ, ક્રચીસ, વોકીંગ સ્ટીક, બેડપેન, યુરીન પોટ સહીંતના વૈદકીય સારવારના સાધનો નીચે જણાવેલ સ્થળો ખાતેથી માત્ર ડિપોઝીટની રકમ આપી મેળવી શકાય છે.

આ પ્રવૃત્તિ સાર્વજનિક ધોરણે ચલાવવામાં આવે છે. જેનો પ્રતિવર્ષ ઘણા સદસ્યો લાભ લઈ રહ્યા છે. સાધનો લેવા માટે ડૉક્ટરની ભલામણ ચિઠ્ઠી તથા આધારકાર્ડની ઝેરોક્ષ રજુ કરવાની હોય છે.

#### હેલ્થકેર સેન્ટરના સ્થળો

(૧) ૭૭, શ્રી પાટણ જૈન મંડળ માર્ગ, **મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.**
ફોનઃ ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮ સમય : ૧૦.૩૦ થી ૧.૩૦-૨.૦૦ થી ૬.૦૦

(૨) રૂપમ, ૧૫૨, જવાહર નગર, **ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨.**
ફોન : ૨૮૭૭૬૦૯૦ સમય : ૯.૩૦ થી ૧૨.૩૦ - ૪.૦૦ થી ૭.૦૦

(૩) એ-૨૩/૧૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, **બોરીવલી (ઈ), મુંબઈ -૪૦૦૦૬૮.**
ફોન : ૨૮૯૧૧૩૦૮ સમય : ૯.૩૦ થી ૧૨.૩૦ - ૩.૩૦ થી ૬.૩૦

### શ્રી તુષાર પ્રવીણચંદ્ર શાહ હેલ્થકેર સેન્ટર (વર્ધમાન સંસ્કાર મેડીકલ સેન્ટર)

વિનય નગર, પ્લેઝન્ટ પાર્ક બસ સ્ટોપની પાછળ, મીરા ભાયંદર રોડ, **મીરારોડ (ઈ),**
ફોનઃ ૨૮૧૩૩૫૪૨, ૨૮૧૩૩૫૬૨, ૨૮૧૩૩૫૮૨

## અનાથ બાળકની વ્યથા

**હે માતા, મા મારી માવડી;**

મારા અંતરની વ્યથા તને કેવી રીતે સમજાવું, અશ્રુઓ સરીને મારી આંખો સુજી ગઈ છે, 'ગોળ વિના મોળો કંસાર' તેમ મા વિનાનો મારો સંસાર સૂનો પડ્યો છે. માની આંગળી પકડી મંદિરે દર્શન કરતા બાળકને જોઈ મારું હૈયું હચમચી ઉઠે છે. મા મેં એવો તો ગયા ભવમાં શો ગુનો કર્યો કે, તું મને સમજણના ઘરમાં આવ્યા પહેલાં જ છોડી ગઈ. કહેવાય છે કે, માનાઅ જીવનમાં ક્યારેય પાનખર ઋતુ આવતી નથી, પણ મારા જીવનમાં-નસીબમાં સદાય પાનખર ઋતુ જ છે. વસંત ઋતુમાં જેમ રંગબેરંગી સુગંધી પુષ્પોથી બગીચો મહેકી ઉઠે છે, તેમ માના વાત્સલ્યથી બાળકનો જીવનબાગ મહેકી ઉઠે છે. વર્ષાઋતુમાં વરસતા વરસાદથી અવની પણ લીલીછમ ઓઢણી પહેરી લે છે. તેમ તું પણ કાલીઘેલી મારી ભાષા તેમજ નિર્દોષ મુખડું, હસતુ મુખડું, જોઈ તારી કાયા પર આનંદની ઓઢણી પહેરી લેતાં પણ માડી, મારા કમનસીબ કે ખોળો ખુંદનાર તારા વ્હાલસોયા બાળને પા પા પગલી ભરતા પહેલા જ તું કાયમને માટે મને છોડી પ્રભુને પ્યારી થઈ. શું તને એટલું પણ ન થયું કે મારા બાળકને વાત્સલ્યભર્યા શબ્દોથી કોણ બોલાવશે ? તેની સંભાળ કોણ કરશે ? મા એટલે તો વાત્સલ્ય ભર્યો જીવનનો દીવડો. મા સુખના ઔષધ અને સુખનું ઝરણું, પણ મા તે તો મારા સુખના ઝરણાને કાયમનો વિયોગ આપી સુકવી દીધું છે.

દુઃખ ભરી મારી જીવન કિતાબમાંથી માના વિરહના, નિરાશાના શબ્દો જ મળે છે. કોઈ કવિએ સાચેજ કહ્યું છે કે, 'જનની જોડ સખી નહીં જડે રે લોલ' જનનીના મમતા ભર્યા શબ્દો વિના મારું જીવન અંધકારમય બન્યું છે. માની મમતા, કરૂણા, વાત્સલ્ય એ તો જીવનના અમૂલ્ય અલંકારો છે. તારા વિનાનું જીવન એટલે ધબકારા વગરનું હૃદય. બધા કહે છે કે મા એટલે પ્રેમ, કરૂણા, સહાનુભૂતિ, ક્ષમાનો દરિયો, બધાનું ઋણ ચૂકવાય પણ માનું ઋણ કદીયે ચૂકવાતું નથી. પણ મા તે તોપણ ઋણ ચૂકવવાની તક પણ નથી આપી. દરેક સુપ્રસંગે વિયોગની વેદના ભુલાતી નથી, કહેવાય છે કે માતા સો સો શિક્ષકની ગરજ સારે છે. પણ મારી જીવનપોથી શરૂ થતા જ તું પ્રભુને મળવા પ્રભુ સમીપે ચાલી નીકળી.

ઉદય-આશા, સંયોગ-વિયોગ, જન્મ - મૃત્યુ અનાદિકાળથી આ પરંપરા ચાલુ જ છે, પણ આપણે મોહને વશ થઈ રાગી બની જઈએ છીએ. બસ મા તારા ચરણસ્પર્શ કરવાની ખૂબ જ ઈચ્છા છે. પ્રત્યક્ષ નહીં તો સ્વપ્નમાં આવી મારી આ ઈચ્છા પૂરી કરજે. જેણે કરૂણામયી માતાનું છત્ર ગુમાવ્યું તેના જીવનમાં પ્રેમ, મમતા, વાત્સલ્ય ભાવ આશીર્વાદ, સહાનુભૂતિ વગેરેની ભરતીને બદલે કાયમી ઓટ જ રહેવાની. મા તારા ફોટાને જીવંત સમજી રોજ નમસ્કાર કરી પ્રભુને પ્રાર્થના કરું છું કે કોઈને અનાથ, માતા-પિતા વિનાના બનાવતા નહીં. માની મમતા શબ્દોમાં લખાય નહીં તેવી અનાથની આ વેદના અકથ્ય છે. માને તો કેટકેટલા વિશેષણોથી નવાજી છે, પ્રભુ મારી માતાને તેના ચિરંજીવી આત્માને શાંતિ આપજે એજ.

મૂક ભાવે સહન કરતો તારો અનાથ શિશું.

❑ **શ્રીમતી ઉર્મિલાબેન ધીરેન્દ્રભાઈ ઝવેરી**

## નૂતન સ્વપ્નોને સાકાર કરવાનું પર્વ

**આસો માસના ત્રણ મહાન પર્વો હોય છે. એક કર્મોની નીર્જરા કરનારું આયંબીલની ઓળી. બીજુ નવરાત અને નવ દુર્ગા અસુર પર વિજયનો ઉત્સવ નવરાત્રી. ત્રીજુ દુર્ગણોને વાળી ઝૂડી સાફ કરે છે દિવાળી.**

દિવાળી રંગ અને પ્રકાશનો ઉત્સવ છે. ધનતેરસથી લઈને ભાઈબીજ સુધી પાંચ દિવસનો તહેવાર છે, દિવાળીનો તહેવાર કટુતાને પિંખી નાખી હેતપ્રીતનાં ઝરણાં વહાવે છે. અંધકારના ઓળાને દૂર કરી જ્યોતિનાં કિરણો પ્રગટાવે છે. દિવાળીનો તહેવાર આનંદ - ઉલ્લાસ નવચેતના અને ઉત્સાહમાં હૈયાને તરબોળ કરે છે અને સાથે સાથે અથાગ બળ અને અનોખી આશાનો સંચાર કરે છે. જીવન માટે વિસામો છે. જીવનની વ્યાપત વિષમતાઓ મુશ્કેલીઓ અને પરિશ્રમનો અથાગ થાક વગેરેને શાંત પાડવાનું કામ કરે તાજા ખીલતાં ફૂલ ફળ જેવા કરી, જીવનમાં વિવિધ વાનગીઓના સ્વરૂપે પીરસાઈ જાય છે.

દિવાળી ગૃહસ્થાશ્રમી તહેવાર છે. દિવાળી જનતાનો તહેવાર છે. દિવાળીને દિવસે લક્ષ્મી અને મિષ્ટાન પ્રધાનપદ ભોગવે છે.

માનવીએ પહેલીવાર અગ્નિ જોયો ત્યારથી દિપકનું અસ્તિત્વ ઝળહળી ઊઠ્યું છે.

દીપાવલીના વહેવાર અને દીપકોને જુદા પાડી શકાય તેમ નથી. આજના કોમ્પ્યુટર યુગમાં પણ દીપાવલીનું મહત્વ જરાપણ ઓછું થયું નથી.

જીવનમાંથી અંધકારને દૂર રાખવાની પ્રેરણા દિવાળીમાંથી જ મળે છે. અમાસની કાળી રાતનું સૌંદર્ય ઓટલે - ટોડલે ઝગમગતા દીવડો છે.

શ્રી ફાધર વોલેશ કહે છે, દિવાળી એટલે ઉદાર દિલની દિવાળી. દિવાળીના મંગલ દીવાની જેમ દુનિયાને પ્રકાશ અને હુંફ આપતા રહેવાની અને કોઈના થીજેલા હૈયાને ઉષ્મા આપવાનો આનંદ.

નવા વર્ષની શરૂઆતમાં માનવીના પરમપિતા ઈશ્વરે માનવીને એક સુંદર ભેટ (૩૬૫) ત્રણસો પાંસઠ પાનાની પાકાપુઠાની ડાયરી આપી અને સોનેરી અક્ષરોથી લખ્યુ કે ૩૬૫ દિવસનું વર્ષ. માનવી ખુશ થયો તેના હૃદયમાં ઉત્સાહ આવ્યો. નવી જિંદગી સાથે નવું વર્ષ મને મળ્યું છે. માનવીને થયું ખરેખર નવા વર્ષમાં કાંઈક કરી બતાવુ. નવા વર્ષમાં નવા નિશ્ચયો - નવા સંકલ્પો સાથે નવા ધ્યેયથી આગળ વધીશ. કેલેન્ડર કે પંચાગ બદલીને નવું વર્ષ નહીં મનાવું.


PATAN'S PATOLA ART



*Mfg.* : Double Ikat Patola Sarees, Scarves, Borders, Dupattas, Wallpices, Table Cloth etc.

CONTECT:

| | | | |
|---|---|---|---|
| Vijay S. Salvi | : 8401995475 | Sonal Salvi | : 9825110629 |
| Naman Sandesara | : 9029855642 | Hiral Sandesara | : 8108853525 |
| Rohan Sandesara | : 8000964040 | Jayesh Sandesara | : 9969530513 |

Patolawala Farm House, Outside Fatipal Gate, Patan, (North Guj.) - 384265. Email: namansandesara@gmail.com

ADVT


નવુ વર્ષ એક નયી સુબહ, નવુ વર્ષ એક નયી આશા
નવુ વર્ષ એક નયી ઉમ્મીદ, નવુ વર્ષ એક નયી સોચ.
કે સાથ

Calender Says turn me
Time says Plan me
Future Says win me
Beauty Says Love me
&
New year Simply Says
Trust me and go ahead and do the best.

વિક્રમ સંવત ૨૦૭૪ના નૂતન વર્ષ સૌને મળજો.
શ્રી ભગવાન મહાવીરના જેવી ક્ષમા..
શ્રી ગૌતમ સ્વામી જેવો વિનય...
શ્રી જંબૂસ્વામી જેવો ત્યાગ...
શ્રી સ્થૂળભદ્ર જેવું બ્રહ્મચર્ય વ્રત
શ્રી શ્રીપાળ મયણા જેવું સામાયિક
શ્રી અભયકુમાર જેવી બુદ્ધિ
શ્રી મેઘકુમાર જેવી જીવદયા
શ્રી શાલિભદ્ર જેવુ પુણ્યાનુંબંધી પુણ્ય
શ્રી જીરણશેઠ જેવી ભાવના
શ્રી સંપ્રતિ રાજા જેવી જિનભક્તિ
શ્રી વસ્તુપાળ - તેજપાળ જેવી સંઘ ભક્તિ
શ્રી પેથડ શાહ જેવી તીર્થ રક્ષા

સપ્તરંગોની લઈ છટા ખીલી છે નવા વર્ષની ઉષા ગુલાબી મહેકે છે સહસ્ત્ર પુષ્પોને પરિમલ છે પ્યારી નવા વર્ષની શુભેચ્છા સાલમુબારક સ્વીકારજો જગથી નિરાળી. આકાશના ઝળકે છે જેટલા સિતારા એટલી દિવાળી અને નૂતન વર્ષ ઉજવાય આપ સર્વેના જીવનમાં.

❑ **શ્રી સુરેશભાઈ સુરજમલ ચોધરી**

## સંબંધોનો કરો સરવાળો

શબ્દો વગરના સંબંધો ક્યારે મંજીલ સુધી પહોંચતા નથી શબ્દોમાં જ્યારે સુરની મીઠાશ હોય ત્યારે સંબંધોના સુરીલા ગીત ગવાય છે.

શબ્દોની જ્યારે મારા-મારી થાય ત્યારે સંબંધોમાં વાવાઝોડાનો પવન ફૂકાય છે. પણ જ્યારે શબ્દો ખૂટી જાય છે ત્યારે સંબંધોમાં મોતથી પણ ભયાનક શાંતિ છવાઈ જાય છે.

''પ્રેમમાં સુર છે''

''નફરતમાં વાવાઝોડું છે''

પણ જ્યારે પ્રેમ અને નફરત બન્ને ખલાસ થઈ જાય છે, ત્યારે ફક્ત રહી જાય છે જીવનમાં મોતનો સન્નાટો... માટેજ તમારા દરેક જન્મ દિવસે, તમારી વિતેલા દિવસોની નફરતને ફૂંક મારી ઓલવી કાઢો અને ફૂગ્ગો ફોડી પ્રેમના ફૂલ વરસાવો.

❑ **શ્રીમતી કલ્પનાબેન વિનોદચંદ્ર શાહ**

## મંડળની વેબસાઈટની માહિતી

શ્રી પાટણ જૈન મંડળનું વેબસાઈટ www.patanmandal.org એક નોન પ્રોફીટ ઓર્ગેનાઈઝેશન તરીકેની આધુનિક વેબસાઈટ છે.

આ વેબસાઈટમાં મંડળની માહિતી (About us)માં મંડળનો ૨૫ વર્ષનો ગ્રોથ દર્શાવેલ છે. મંડળની અનુમોદના બુકમાં અત્યાર સુધીના દાતાઓના ફોટા સાથેની વિગત, મંડળનું ધ્યેય અને મંડળના ટ્રસ્ટીઓની વિગત.

પાટણ વિશે (About Patan) પાટણના ઈતિહાસ અને વર્તમાન દસમી સદીથી અત્યારસુધીનો ઈતિહાસ દર્શાવેલ છે. પાટણના દહેરાસરો (Temples) મહોલ્લા પ્રમાણે દેરાસરોના ફોટા અને મળેલ માહિતી દર્શાવેલ છે.

પ્રવૃત્તિઓ (Activities) શિક્ષણ, સમાજ વિકાસ, મેડીકલ, હેલ્થકેર, સિનિયર સીટીઝન સહાય, મહિલા ઉત્કર્ષ, વિકલાંગ ઉત્કર્ષ, લાયબ્રેરી અને બીજી પ્રવૃત્તિઓ, રહેઠાણ યોજના અન્ય પ્રવૃત્તિઓ રોજગાર યોજનાઓ અને બેન્કીંગ બધીજ પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી ફોટા સાથે દર્શાવેલ છે.

**Get Involved તમો ભાગ લ્યો**

(૧) આમાં જુદી જુદી **સ્કીમોમાં** તમો કેવી રીતે ડોનેશન આપી શકો એની માહિતી.
(૨) તમો કેવી રીતે મદદરૂપ થઈ શકશો.
(૩) ઈન્કમટેક્ષનો બેનીફીટ
(૪) વિદેશથી ડોનેશન મોકલવા ઈચ્છુક દાતાઓ તેમજ સ્થાનિક દાતાઓ માટે જરૂરી સંસ્થાની બેન્કની વિગતો.

**વસ્તી પત્રક :** લગભગ ૩૪૦૦ કુટુંબીજનો અને ૧૩૦૦૦ સભ્યોનું ઓનલાઈન વસ્તીપત્રક સર્ચ એન્જીન છે જેનાથી ઓનલાઈન માહિતી મળી શકે.

**ડોનેશન ફંડો :** બધાજ મેડીકલ, એજ્યુકેશન, સિનિયર સીટીઝન, વિકલાંગ, સમાજ ઉત્કર્ષ સોશિયલ કલ્ચર એક્ટીવીટી અને અન્ય ફંડોની વિગત દાતાઓની યોજના પ્રમાણે વિગતવાર આપેલ છે.

**સહાય :** બધીજ સહાય શૈક્ષણિક, મેડીકલ, ઉચ્ચ શૈક્ષણિક, ટ્યુટોરિયલ તથા મંડળના સભ્ય થવાનું ફોર્મ વિગેરેના બધાજ ફોર્મ અહીંથી ડાઉન લોડ કરી શકાશે.

**પાટણ પ્રતિબિંબ :** ૨૦૦૯થી આજ સુધી બધાજ પ્રતિબિંબ આ વેબસાઈટ પરથી જોઈ શકાશે અને ડાઉનલોડ કરી વાંચી શકશો.

સમાચાર અને પ્રોગ્રામની માહિતી (News & Announcements) તારીખ પ્રમાણે બધા પ્રોગ્રામોના સમાચાર અહીં આપવામાં આવે છે અને ફોર્મ ભરવાની વ્યવસ્થા પણ મળશે, પ્રોગ્રામ થઈ ગયા પછી મુખ્ય ફોટોગ્રાફ પણ જોઈ શકાશે.

**રજીસ્ટ્રેશન :** આ વિભાગમાં ઓન લાઈન વિવિધ ફોર્મ ભરી શકાશે. દા.ત. સ્પોર્ટ, મેચ મેકીંગ, શૈક્ષણિક સહાયના ફોર્મ.

આ ફોર્મ ઓનલાઈન ભરીને તેમજ ડાઉનલોડ કરી મંડળમાં માકલાવી શકો છો. વધુ પૂછપરછ માટે મંડળમાં સંપર્ક કરો.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## શુભ વિવાહ

**સવંત ૨૦૭૩, શ્રાવણ સુદ ૧૩, શનિવાર, તા. ૫-૮-૨૦૧૭**

શ્રી અજયભાઈ ચીનુભાઈ તેલિયાવાળાના સુપુત્ર **ચિ. માલવ** (મનમોહનજીની શેરી)

શ્રી પ્રકાશભાઈ હિંમતલાલ શાહની સુપુત્રી **ચિ. મિલી** (બોટાદ)

**સવંત ૨૦૭૩, આસો વદ ૧, શુક્રવાર, તા. ૬-૧૦-૨૦૧૭**

શ્રી સેવંતીલાલ જેશીંગલાલ શાહના સુપુત્ર **ચિ. ધર્મેશ** (કોકાનો પાડો)

શ્રી પરિમલભાઈ વાડીલાલ શાહની સુપુત્રી **ચિ. શીવાની** (સુરેન્દ્રનગર)

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ •**
ADVT

## સંસ્થા સમાચાર

❑ **શ્રી પાટણ જૈન મિત્ર મંડળ - સુરત દ્વારા તા. ૩-૯-૨૦૧૭ના શ્રી ભલસાણા તીર્થ ચૈત્યપરિપાટીનું આયોજન કરવામાં આવેલ. જેમા ૧૫૦ સભ્યા જોડાયેલ.** આ સમગ્ર આયોજન વિવિધ દાતાઓના આર્થિક સહયોગ અને દરેક કારોબારી સભ્યોના સહકારથી સંપન્ન થયેલ તે બદલ અનુમોદના.

❑ **ગોરેગામ પાટણ જૈન મિત્ર મંડળ - અસ્પી હોલમાં (મલાડ) રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭ના રોજ સવારે ૫૬૦ સભ્યોએ હાસ્ય નાટક 'રંગરંગીલા ગુજ્જુભાઈ'** મન ભરીને માણ્યું અને આ પ્રસંગે તપસ્વીઓની અનુમોદના કરી તેમનું બહુમાન કર્યું. છેલ્લે સ્વાદિષ્ટ ભોજન માણી આ કાર્યક્રમની સફળતાને સહુએ વધાવી અને આવી ઊજવણી થતી રહે એવી ઈચ્છા સાથે સૌ છૂટા પડ્યા.

પ્રોગ્રામના સફળ આયોજન બદલ દાતા સભ્યોના સહયોગ અને કમિટી મેમ્બરના પરિશ્રમને મંડળે બિરદાવેલ. અત્યાર સુધી લગભગ **૧૮૦માંથી ૧૫૦ મિત્રોએ ગોરેગામ મંડળના આજીવન સભાસદનું લવાજમ ભર્યું છે, જે મિત્રો બાકી રહી ગયા હોય તેમને, આજીવન અથવા વાર્ષિક લવાજમ ૨૦૧૭-૧૮નું વેળાસર ભરી જવા તથા ટેલિફોન ડિરેક્ટરીના ફોર્મ ગોરેગામ મંડળની ઓફિસમાં આપી જવા વિનંતી.**

❑ **બોરીવલી દહિસર પાટણ જૈન મિત્ર મંડળ દ્વારા તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૧૭ ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવ્યું હતું.** સવારે લોઢાધામ દર્શન તથા નવકારશી તેમજ ત્યાંથી જીવદયા ધામ ખાતે આખા દિવસ માટેનો સમુહ સ્નાત્ર પૂજા, બપોરે ભક્તિ સંગીત અને તપસ્વીઓના બહુમાન સાથેનો પ્રોગ્રામ આયોજીત કરાયો હતો જેમાં લગભગ ૨૫૦ યાત્રિકો જોડાયેલ. યાત્રાના સૌજન્ય દાતાની ખૂબ ખૂબ અનુમોદના.

### વસતિપત્રક અપડેટ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા લગભગ પાંચ વર્ષ અગાઉ પ્રકાશિત પરિવાર પરિચય પશ્ચાત આપના પરિવારની ફોન નંબર, ઈ-મેઈલ તેમજ વૈવાહિક કક્ષા, ઈત્યાદિમાં પણ ફેરફારો થયેલ હશે.

આ પરિવાર પરિચય વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ તેમાં જરૂરી સુધારા કરી શકાય તેવા શુભ આશયથી આ સાથે આપેલ QR Code મારફત આપની માહિતી જરૂરથી મોકલાવશો જેથી સંસ્થાનો રેકોર્ડ અપડેટ થઈ શકે, તેમજ આપનો સંપર્ક સાધવા સૌને સરળતા થઈ શકે.

**અપડેટ થનાર માહિતી મોકલતા સમયે પરિવારના વડીલનું નામ, પાટણનો મહોલ્લો, જન્મ તારીખ, ઈ-મેઈલ, મોબાઈલ, વૈવાહિક કક્ષા વગેરે અવશ્ય લખવું.**

## અભિનંદન

❑ **Disha Shah,** daughter of **Dr Ashish Pravinchandra Shah & Dr Rina Shah** (Vasupujya ni Sheri, Andheri) Awarded the **Young Student Womenprenuer award 2017** for a Social Innovation project aiming the visually impaired at ISDI Parsons (School of Design & Innovation) Mumbai on 10th October, 2017 by the honorable Governor of Maharashtra, Shri Vidyasagar Rao.
Shree Patan Jain Mandal Congratulates Disha for her achivement and wishes her the best for future...

❑ **શ્રી પૃથ્વીરાજ ચંદુલાલ શાહ C.A** (મનમોહનજીની શેરી) હ્યુજીસ રોડ, ભારત ડાયમંડ બુર્શના બોર્ડ ઓફ ડાઇરેકટર, એડમીનસ્ટ્રેશન, ફાઈનાન્સ તથા ઓડીટ કમિટીમાં આજીવન સભ્ય પદે નિમણૂંક થયેલ છે, તે બદલ અભિનંદન. શ્રી પૃથ્વીરાજભાઈ, શ્રી વિલેપાર્લે કેળવણી મંડળમાં છેલ્લા ઘણા વર્ષોથી મહત્વના પદે રહી સેવાઓ આપી રહેલ છે.

---

o સારા કામની સુગંધ કરતા ખરાબ કામની દુર્ગંધ વધારે જલ્દી ફેલાય છે.
o અન્યને ખુશ કરવા માટે માણસે પોતાની ખુશીનો ભોગ આપવો પડે છે.
o જીદમાં જડતા છે જતુ કરવામાં મહત્તા.

---

## ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના

ગતાંકમાં જગ્યાના અભાવે રહી ગયેલ નામોની યાદી

| નામ | ઉંમર | રહેઠાણ | મહોલ્લો |
|---|---|---|---|
| | **૧૧ ઉપવાસ તપ** | | |
| મૌલિક બીપીનભાઈ શાહ | ૩૬ | અંધેરી | ભાભાનો પાડો |
| | **અઠ્ઠાઈ** | | |
| નિતિનભાઈ રમણલાલ પટણી | ૬૫ | ગ્રાન્ટરોડ | મનમોહનજીની શેરી |
| કલ્પનાબેન નિતિનભાઈ પટણી | ૬૫ | ગ્રાન્ટરોડ | મનમોહનજીની શેરી |
| નિખિલભાઈ તરૂણભાઈ શાહ | ૪૦ | ગ્રાન્ટરોડ | મહાદેવાજીની શેરી |
| અમી નિખિલભાઈ શાહ | ૩૬ | ગ્રાન્ટરોડ | મહાદેવાજીની શેરી |
| રચીતભાઈ કૌશિકભાઈ શાહ | ૩૦ | માટુંગા | ઢંઢેરવાડો |
| મનસ્વી નીરેનભાઈ શાહ | ૧૭ | માટુંગા | ઢંઢેરવાડો |
| મોનાબેન ભાવેશભાઈ શાહ | ૩૮ | વસઈ | કુંભારિયા પાડો |

## દુઃખદ નિધન

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી હેમંતભાઈ રજનીકાંત શાહ** ઉ.વ. ૫૮ - (કેમ્પસકોર્નર - વખતજીની શેરી) તા. ૩-૯-૨૦૧૭ના આકસ્મિક નિધન થતા દુઃખની લાગણી અનુભવી.

પરમાત્મા સદ્‌ગતશ્રીના આત્માને ચિરઃશાંતિ અર્પે તેમજ પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત,
## શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ

### જૈન ધાર્મિક લઘુમતિ શાળા તરીકે માન્યતા

ગુજરાત સરકાર સાથે લંબાણપૂર્વક ચર્ચા વિચારણા કરી, આપણી બી.ડી.એસ. વિદ્યાલય (પાટણ)ને' 'ધાર્મિક લઘુમતિ શાળા' તરીકે સંયુક્ત શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, તા. ૫-૯-૨૦૧૭ના પત્રથી માન્યતા પ્રાપ્ત થયેલ છે. આમ આપણી શાળા પાટણ જિલ્લાની પ્રથમ જૈન લઘુમતિ શાળા થઈ છે. શાળાને લઘુમતિની માન્યતા મળતાં, સરકારશ્રી તરફથી મળતા આર્થિક લાભો પ્રાપ્ત થશે. શિક્ષકોની નિમણૂંક શાળા કરી શકશે. ફીની રકમ શાળા નક્કી કરી શકશે. શાળા શૈક્ષણિક પ્રોજેક્ટથી તૈયાર કરી સરકારશ્રીમાંથી વિવિધ આર્થિક લાભો મેળવી શકશે. સંચાલક મંડળ સ્વતંત્રપણે શાળા વિકાસ માટે નિર્ણયો લઈ શકશે.

### શાળાને ફર્નિચર ભેટ

શ્રી બી.ડી.એસ. વિદ્યાલય - પાટણને શ્રી નરસી મોનજી એજ્યુકેશન ટ્રસ્ટ(મુંબઈ)ના **ટ્રસ્ટી શ્રીયુત જયરાજભાઈ** તરફથી વિદ્યાલયના વિદ્યાર્થીઓના ઉપયોગ માટે નીચેની વિગતે ફર્નિચર ભેટ આપેલ છે, જેનો શાળાએ સાભાર સ્વીકાર કરેલ છે. આ ફર્નિચર વિદ્યાર્થીઓને ખૂબજ ઊપયોગી રહેશે. શ્રી જયરાજભાઈનો સંસ્થા આભાર માને છે.

| ફર્નિચરની વિગત | નંગ |
|---|---|
| Students Tables + Chairs | 09 + 160 - 169 |
| Easel Boards | 14 |
| **Total (ફર્નિચર) નંગ** | **183** |

તા. ૨૦-૯-૨૦૧૭ના રોજ બી.ડી. સાર્વજનિક વિદ્યાલયના સેન્ટ્રલ હોલમાં ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓની સાથે વાલી મીટીંગનું આયોજન કરાયું હતું.

ઉપરોક્ત મિટીંગમાં **આચાર્યશ્રી બળદેવભાઈ દેસાઈએ** સ્કુલના વિકાસનો ચીતાર આપ્યો હતો. **ઉપપ્રમુખશ્રી યશવંતભાઈ શાહે** સંબોધન કરતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના ઘડતરમાં સ્કુલના શિક્ષકોની સાથે સાથે વાલીઓની પણ એટલી જ જવાબદારી બની રહે છે. આ પ્રસંગે માનદમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત સૌ અલ્પાહાર કરી છૂટા પડ્યા હતા.

### નવરાત્રી ગરબા

શનિવાર, તા. ૨૩-૯-૨૦૧૭ના શાળામાં નવરાત્રી ગરબાનું આયોજન કરવામાં આવેલ, જેમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક વિભાગના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ તથા ઉપપ્રમુખશ્રી યશવંતભાઈના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવેલ.

## હાર્દિક આમંત્રણ
## આવી આવી રે અંજન શલાકા

શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટના ઉપક્રમે ચાલી રહેલ સાગર સમુદાયના **પૂ. અનુયોગાચાર્યશ્રી લબ્ધિચંદ્રસાગરજી મ.સા. તથા સરળ સ્વભાવી પૂ. સાધ્વી શ્રી શમપૂર્ણાશ્રીજી મ.સા.નું. ચાતુર્માસ ઐતિહાસિક બનેલ છે.** સાધના, આરાધના, પ્રવચનો અને આગમ પરિચય વાચનામાં ઉત્તરોત્તર ઉત્સાહ પ્રવર્ધમાન છે. **ચાતુર્માસિક સાધનાના શિખર સમાન અંજન શલાકા મહોત્સવ મરીન ડ્રાઈવ જૈન સંઘમાં સર્વ પ્રથમવાર યોજાતો હોવાથી ઘર ઘરમાં અતીવ આનંદ પ્રવર્તે છે.**

### મહત્વની વાત, મહોત્સવની આછેરી ઝલક

જે મુલનાયક પરમાત્માનું અંજન વિધાન થનાર છે તે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્મા આપણા પાટણ જૈન મંડળના મરીન ડ્રાઈવના મૂળનાયક **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદા જેવા જ પંચ ધાતુની આબેહુબ પ્રતિમા મરીનડ્રાઈવ ખાતેજ નિર્માણ થવા પામેલ છે. આ પ્રતિમાજી હાલમાં મરીનડ્રાઈવ ખાતેના ઉપાશ્રયમાં બીરાજમાન છે.** તેના માટીના પિંડનો સર્વ પ્રથમ લાભ **શ્રી પ્રવિણચંદ્ર કેશરીચંદ્ર શાહ પરિવારે** લઈને ભવ્ય શુભારંભ કરેલ અને તા. ૨૪-૯-૨૦૧૭ના રવિવારે હિન્દી વિદ્યાભવન ખાતે **એસ. કપુર એન્ડ સન્સ પરિવારે** પંચધાતુની પ્રતિમાના સર્વપ્રથમ શ્રી સંઘને દર્શન કરાવેલ. આ મૂળનાયક પરમાત્મા સહ ૭ જિનબિંબોનું **અંજનશલાકા મહોત્સવ કારતક સુદ ૧૪ તા. ૩-૧૧-૨૦૧૭થી કારતક વદ ૧૨ તા. ૧૩-૧૧-૨૦૧૭ દરમ્યાન યોજાયેલ છે. જેમાં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ જ્ઞાન તથા નિર્વાણ કલ્યાણકની સાથોસાથ વિવિધ પૂજનો આદિ અનુષ્ઠાનો તેમજ રાત્રે ભક્તિભાવનાનું પણ આયોજન રહેશે.**

**કારતક વદ ૧૦, તા. ૧૩-૧૧-૨૦૧૭ના રાત્રે અંજન શલાકા થશે.**

આ સર્વ પરમાત્મા સાગર સમુદાયના પ.પૂ. અનુયોગાચાર્ય **શ્રી લબ્ધિચંદ્ર સાગરજી મ.સા.ના માર્ગદર્શનમાં આકાર પામી રહેલ ''જૈન સાયન્સ સીટી'' શ્રી શંખેશ્વર પુરમ મહાતીર્થમાં બિરાજમાન થશે.**

### સોનામા સુગંધ

મરીન ડ્રાઈવના જિનાલયની બહાર મનોહર મનોરમ બે દેવકુલિકામાં પૂ. અનુયોગાચાર્યશ્રીની પાવન પ્રેરણાથી તથા શ્રી પાટણ જૈન મંડળના અભૂતપૂર્વ સાથ સહકારથી

૧. શ્રી તપાગચ્છાધિષ્ઠાયક શ્રી મણીભદ્ર યક્ષરાજ

૨. શ્રી રાજરાજેશ્વરી પદ્માવતી માતાજીની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા પણ થશે.

### બોલી આદેશ

૧. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠાની બોલી

૨. શ્રી મણીભદ્ર યક્ષરાજની અંજનશલાકા તથા પ્રતિષ્ઠાની બોલી

૩. શ્રી પદ્માવતી માતાની અંજનશલાકા તથા પ્રતિષ્ઠાની બોલી

તા. ૧૧-૧૧-૨૦૧૭ના શનિવારે સવારે ૭.૦૦ વાગે બોલાશે.

## સાભાર સ્વીકાર

**શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ ફેમીલી ફ્લોટર પ્રિમીયમ સહાય**

૩,૦૦,૦૦૦/- શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ પરિવાર (કનાસાનો પાડો)

**શતાબ્દિ ગૌરવ કોરપસ ફંડ**

૫,૦૦,૦૦૦/- શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ (કુંભારિયા પાડો)

૩,૦૦,૦૦૦/- શ્રી ચીરાગભાઈ દિનેશભાઈ શાંતિલાલ શાહ (બ્રાહ્મણવાડો)

**મેડીકલ સહાય તથા શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૧,૫૦,૦૦૦/- શ્રી વિદ્યુતભાઈ દેવેન્દ્રકુમાર શાહ (મારફતિયા મહેતાનો પાડો) શ્રીમતી વૈશાલીબેન વિદ્યુતભાઈ શાહના શ્રેયાર્થે

૫૦,૦૦૦/- સ્વ. શ્રીમતી વીરમતીબેન નવીનચંદ્ર જેશીંગલાલ શાહના સ્મરણાર્થે (કપુરમહેતાનો પાડો) હ. શ્રીમતી રશ્મીબેન અશોકભાઈ, શ્રીમતી હેમાબેન મયંકભાઈ, શ્રીમતી કલ્પનાબેન બિરેનભાઈ શાહ

**શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦/- શ્રી અમૃતલાલ મણીલાલ ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રીમતી હર્ષદાબેન વી. ગુપ્તા હ. શ્રી જીગીશભાઈ પ્રફુલભાઈ શાહ (મહાદેવાજીની શેરી)

**સમાજ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રી ચીરાગભાઈ દિનેશભાઈ શાંતિલાલ શાહ (બ્રાહ્મણવાડો)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૧,૦૦,૦૦૦/- શ્રી પોપટલાલ ભીખાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ હ. શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો)

**દવા સહાય ભેટ / શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ ભેટ / વૃદ્ધજન સહાય ભેટ**

૩૦,૦૦૦/- શ્રીમતી સરલાબેન દેવેન્દ્રકુમાર શાહ પરિવાર (પડીગુંદીનો પાડો)
સ્વ. શ્રી કસ્તુરચંદ સ્વરૂપચંદ શાહના સ્મરણાર્થે
સ્વ. શ્રીમતી મણીબેન કસ્તુરચંદ શાહના સ્મરણાર્થે
સ્વ. શ્રી દેવેન્દ્રકુમાર કસ્તુરચંદ શાહના સ્મરણાર્થે
સ્વ. શ્રી કેતનભાઈ દેવેન્દ્રકુમાર શાહની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે
સ્વ. પૂજ્ય પિતાશ્રી મણીલાલ દેવચંદ શાહના સ્મરણાર્થે (ખેજડાનો પાડો)
સ્વ. પૂજ્ય માતુશ્રી શ્રીમતી કાંતાબેન મણીલાલ દેવચંદ શાહના સ્મરણાર્થે (ખેજડાનો પાડો)

**હેલ્થકેર સાધન ભેટ**

૫,૦૦૦/- શ્રી વિમલભાઈ પી. શાહ

## આગોતરું આમંત્રણ

મલ્લાતના પાડાના **શ્રી નવીનચંદ્ર મોહનલાલ શાહના સુપુત્ર ચિ. શ્રેણીકભાઈ**, પુત્રવધુ **શ્રીમતી હીનાબેન તેમજ પૌત્ર ચિ. અનોખીની દિક્ષા** પાટણ મુકામે **તા. ૧૧-૨-૨૦૧૮ના** નિર્ધારેલ છે તે પ્રસંગે પરિવારજનો તરફથી સર્વેને પધારવા આગોતરૂ આમંત્રણ છે.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | કુંભારિયા પાડો | કલ્પનાબેન મુકેશભાઈ (રાજાભાઈ) શાહ | ૬૭ | અંધેરી | ૧૮-૦૯-૧૭ | ભાદરવા વદ-૧૩ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મીમાતાનો પાડો | રાજુલબેન શરદભાઈ શાહ | ૭૧ | વિલેપાર્લા | ૧૯-૦૯-૧૭ | ભાદરવા વદ-૧૪ |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | રાજેન્દ્રભાઈ ચીમનલાલ શાહ | ૭૫ | મરીનડ્રાઈવ | ૨૦-૦૯-૧૭ | ભાદરવા વદ-૩૦ |
| વિશા શ્રીમાળી | કુંભારિયા પાડો | યોગેશભાઈ વૃજલાલ શાહ | ૬૯ | કાંદિવલી | ૨૨-૦૯-૧૭ | આસો સુદ-૦૨ |
| દશા ઓસવાલ | વસાવાડો | હંસાબેન (નીલાબેન) વિનોદચંદ્ર શાહ | ૭૧ | બોરીવલી | ૨૪-૦૯-૧૭ | આસો સુદ-૦૪ |
| દશા શ્રીમાળી | પંચોટીનો પાડો | આશાબેન બીપીનચંદ્ર શાહ | ૭૧ | વસઈ | ૨૬-૦૯-૧૭ | આસો સુદ-૦૬ |
| દશા ઓસવાલ | પંચોટીનો પાડો | કૈલાશબેન પિયુષભાઈ સંઘવી | ૭૪ | જોગેશ્વરી | ૨૮-૦૯-૧૭ | આસો સુદ-૦૮ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | સુમીતીબેન એવંતીલાલ મહેતા | ૮૭ | ચોપાટી | ૦૮-૧૦-૧૭ | આસો વદ-૦૩ |
| દશા પોરવાળ | વસાવાડો | શિલ્પાબેન રાજેશભાઈ શાહ | ૫૫ | બોરીવલી | ૦૮-૧૦-૧૭ | આસો વદ-૦૩ |
| દશા પોરવાળ | ખડાખોટડીનો પાડો | પદમાબેન ચીનુભાઈ શાહ (વોરાજીવાળા) | ૮૭ | બોરીવલી | ૦૮-૧૦-૧૭ | આસો વદ-૦૩ |
| દશા પોરવાળ | લખીયાર વાડો | સતિશભાઈ રમણલાલ શાહ | ૭૨ | કફ પરેડ | ૦૯-૧૦-૧૭ | આસો વદ-૦૪ |
| દશા શ્રીમાળી | કોકાનો પાડો | ચંદ્રિકાબેન રજનીકાંતભાઈ શાહ | ૭૬ | વાલકેશ્વર | ૧૪-૧૦-૧૭ | આસો વદ-૧૦ |
| દશા શ્રીમાળી | મલ્લાતનો પાડો | હસમુખલાલ જેશીંગલાલ શાહ | ૮૭ | ગ્રાન્ટરોડ | ૧૪-૧૦-૧૭ | આસો વદ-૧૦ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન * * દેહદાન કરો અને કરાવો (યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)

# શ્રી પાટણ જૈન મંડળ

## પ્રોગ્રામ સમિતિ આયોજિત

## શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર

## પ્રેરિત નૂતન વર્ષ સ્નેહ સંમેલન

### હાર્દિક આમંત્રણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પાટણના સૌ ભાઈ-બહેનો સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી

**નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું**

નીચેની વિગતે આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના આ નિમંત્રણને સ્વીકારી સ્નેહ સંમેલનમાં સમાજના સર્વ પરિવારોને પધારવા અમારું આમંત્રણ છે.

**દિનાંક: તા. ૨૯-૧૦-૨૦૧૭, રવિવાર**

**સંવત ૨૦૭૪, કારતક સુદ ૦૯, સમય: ૪.૦૦ થી ૭.૦૦ કલાકે**

**અલ્પાહારની વ્યવસ્થા સાથે મનોરંજન કાર્યક્રમ રાખેલ છે.**

(સૂર્યાસ્ત પછી અલ્પાહાર કાઉન્ટર બંધ થશે)

**સ્થળ : ગરવારે ક્લબ હાઉસ, ડી. રોડ, ચર્ચગેટ, મુંબઈ.**

આ પ્રસંગે લક્કી ડ્રોનું આયોજન રાખેલ છે, જેમાં આકર્ષક ઈનામો આપવામાં આવશે.

તા.ક. : નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહીં.

## અભિનંદન



❑ **Yash**, Son of Mahajay Jayantilal Patani (Manmohanjini sheri / Borivali) in the field of Certified Management Accounting (US Examinations). He has been awarded with **Priscilla Payne Awards** for securing highest score at global level in the student category. Shree Patan Jain Mandal extend its warm wishes to him. Congratulations...



❑ મારફતિયા મહેતાનો પાડો હાલ ચોપાટી શ્રીમતિ અનિલાબેન મહેન્દ્રભાઈ ચિમનલાલ શાહના પૌત્ર **ચિ. આયુષ ચિરાગ શાહ** દુબઈ મુકામે **જે.એસ.એસ. પ્રાઈવેટ સ્કુલમાં C.B.S.E.માં 95.6%** સાથે ઉત્તિર્ણ થઈ **એસ.પી. જૈન સ્કુલ ઓફ ગ્લોબલ મેનેજમેન્ટ યુ.એ.ઈ. Top Achievers Awards 2017 મેળવેલ છે.** તે બદલ અભિનંદન.



**ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના**

**૩૦ ઉપવાસ - માસક્ષમણ**

**શ્રી ભાવનાબેન ભાવેશભાઈ શાહ**

ઉં.વ. ૩૮, પ્રાર્થનાસમાજ

કુંભારિયા પાડો

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2017.
PATAN PRATIBIMB ● October 2017 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## શ્રી પાટણ જૈન મંડળ
## વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમાં કોર્સ તેમજ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે, તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે, તેમ જ વર્ષ દરમ્યાન **'પાટણ પ્રતિબિંબ'માં** પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું નીચેની વિગતે આયોજન કરાયેલ છે.

સમારંભ પ્રમુખઃ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ**
પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ

**દિનાંક :** **તા. ૨૬-૧૧-૨૦૧૭, રવિવાર**
**સમય :** **સવારે ૯.૩૦ કલાકે**
**સ્થળ :** **શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ,**
**૭૭, પાટણ જૈન મંડળ માર્ગ,**
**મરીનડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦**

આ સમારંભ માટે ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનાં ફોર્મ ભરેલ છે, છતાં **કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને તા. ૦૭-૧૧-૨૦૧૭ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું.**

નોંધઃ આ ફોર્મ patanmandal.org ઉપરથી પણ ડાઉનલોડ કરી patanmandal@gmail.com ખાતે મોકલાવી શકાય છે.

❑ **શિક્ષણ સમિતિ**

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરનાર પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમની **શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/-** (અંકે રૂપિયા દસ હજાર)ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે.

તદ્અનુસાર બિઝનેશ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈએએસ અથવા ડૉક્ટરેટ પી.એચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગેના અરજી પત્રકો મંગાવવામાં આવે છે.

આ અંગેનું ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતો સહ ભરીને **તા. ૭-૧૧-૨૦૧૭ સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે. પ્રસ્તુત સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે, જેની ખાસ નોંધ લેવી.**

❑ **શિક્ષણ સમિતિ**

## નૂતન વર્ષાભિનંદન



**Programs for November 2017**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Education | Sun | 26-Nov | Mag. S 7 | 9.30 am | PJM Sabhagruh | Prize Distribution |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,